સને ૨૦૧૮-૧૯ના વર્ષના અંદાજપત્ર માંથી
જાન્યુઆરી-૨૦૧૯ થી ફેબ્રુઆરી-૨૦૧૯ સુધીની
ગ્રાન્ટ ફાળવણી અંગે.
માંગણી નં. ૨૭ મુખ્ય સદરઃ ૨૨૧૫

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:- ઈએનવી-૧૦૨૦૧૭-૧૦૮૩-ઇ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૧-૦૧-૨૦૧૯

વંચાણે લીધાઃ

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા.૭/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: ઇએનવી-૧૦૨૦૧૮-૧૦૮૩-ઇ
(૨) વન અને પર્યાવરણ વિભાગનો તા.૨૬/૧૨/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૮/૨૨૨૭૧૮/બ

આમુખઃ

ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર, ગાંધીનગરને વર્ષ ૨૦૧૮-૧૯માં ચાલુ બાબત માટે અંદાજપત્રમાં રૂ.૩૮.૦૦ લાખ (અંકે રૂપિયા આડત્રીસ લાખ પુરા))ની જોગવાઇ કરવામાં આવેલ છે.

ઠરાવ:

સંદર્ભ (૧) ના તા.૭/૦૪/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર, ગાંધીનગરની અંદાજપત્રમાં કરવામાં આવેલ ચાલુ બાબતના રૂ.૩૮,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા આડત્રીસ લાખ પુરા)ની જોગવાઇ અન્વયે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

સંદર્ભ (૨) ના તા.૨૬/૧૨/૨૦૧૮ના ઠરાવથી વિભાગની બજેટ શાખા દ્વારા ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર, ગાંધીનગરની જાન્યુઆરી-૨૦૧૯ થી ફેબ્રુઆરી-૨૦૧૯ સુધીના સમયગાળા માટે રૂ.૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે.

ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર, ગાંધીનગરને જાન્યુઆરી-૨૦૧૯ થી ફેબ્રુઆરી-૨૦૧૯ સુધીના ખર્ચને પહોંચી વળવા માટે રૂપિયા માટે રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા)ની સહાયક અનુદાનની રકમ ફાળવવામાં આવે છે. આ અંગેનો ખર્ચ નીચેની શરતોને આધિન કરવાનો રહેશે.

શરતો:

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંન્ટ ની મર્યાદામાં કરવાનો રહેશે.
૨. આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.
૩. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાંણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
૪. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
૫. આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧//૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ અને ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનુ ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

૯. આ મંજુરી અન્વયે કરવાનો ખર્ચ કોઈ સંજોગોમાં તા.૦૧/૦૪/૨૦૧૮ પછી કરી શકાશે

૧૦. આ યોજના અમલના ભાગરૂપે જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે આખરી થયેલ એવોર્ડ સંબંધિત દરખાસ્તની તથા અન્ય પ્રવૃતિઓની યોજના અમલમાં મુકવા માટે કાર્યપધ્ધતિ નિયત કરી તે કાર્યપધ્ધતિ અંગે વહીવટી વિભાગની મંજુરી મેળવી કાર્યવાહી હાથ ધરવાની થશે.

૧૧.એવોર્ડ , કલીનર પ્રોડકશન પ્રમોશન પ્રોગ્રામ તથા રિસર્ચ માટે પ્રોત્સાહનની પ્રવૃતિઓ માટે કાર્ય યોજના (યોજના અમલમાં મુકવા માટેની વિગતવાર કાર્યપધ્ધતિ) વિભાગને રજુ કરી વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

૧૨. આ યોજના અંતર્ગત હાથ ધરનાર પ્રવૃતિઓ અંગે કરેલ કાર્યવાહીની વિગતો વિભાગને રજુ કરવાની રહેશે.

આ અંગેનુ ખર્ચ નીચે દર્શાવેલ આયોજન હેઠળના બજેટ સદરે ઉધારવાનું રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૯૭ |
| સેકટર | : | (ખ) સામાજિક સેવાઓ |
| પેટા સેકટર | : | (ગ) પાણી પુરવઠો, સ્વચ્છતા, આવાસ અને શહેરી વિકાસ |
| મુખ્ય સદર | : | ૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા |
| પેટા મુખ્ય સદર | : | ૦૨ ગટર વ્યવસ્થા અને સ્વચ્છતા |
| ગૌણ સદર | : | (૧૦૬) વાયુ અને જળ પ્રદૂષણ અટકાવવું |
| પેટા સદર | : | ૦૩ ઇપીસી-૧૭ કચરાનું પ્રમાણ ઘટાડવાની અને સ્વચ્છ ઉત્પાદનની પ્રૌદ્યોગિકીને પ્રોત્સાહન આપવું. |

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રીની તા.૧૧/૦૧/૨૦૧૯ ની નોંધથી મળેલ સંમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.ટી.પટેલ)
સેક્શન અધિકારી
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- સભ્ય સાચેવશ્રી, ગુજરાત ક્લીનર પ્રોડકશન સેન્ટર, બ્લોક નં.૧૧-૧૨/૩ માળ, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧ ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ
- સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી, રેસકોર્સ, ગુજરાત રાજ્ય, રાજકોટ.
- હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રોકડ શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ત્રણ નકલમાં)
- તિજોરી અધિકારીશ્રી, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર
- નાણા વિભાગ, ક શાખા, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની બજેટ શાખા
- શાખા સિલેક્ટ ફાઇલ- ૨૦૧૮-૧૯
- નાયબ સેકશન અધિકારીની અંગત ફાઇલ- ૨૦૧૮-૧૯
- આઇ ટી સેલ